# ચૌદમી ગુજરાત વિધાનસભા

# કામકાજ સલાહકાર સમિતિ

# સત્તરમો અહેવાલ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો સત્તરમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક મંગળવાર, તા.૨૦મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણ કરી છે.

**૧.** બુધવાર, તા.૨૧/૦૯/૨૦૨૨ના રોજ નીચે દર્શાવેલ ક્રમમાં સરકારી વિધેયકોની ચર્ચા હાથ ધરીને જરૂર પડ્યે ગૃહનો સમય લંબાવીને પણ તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૨૨નું ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર) કરવા બાબત વિધેયકને પાછું ખેંચવાની અનુમતિ માંગતો પ્રસ્તાવ

(૨) સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧૦-સન ૨૦૨૨નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૨૨નું ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક.

(૪) સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૨૨નું ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) (સુધારા) વિધેયક.

**૨.** ગુરુવાર તા.૨૨/૦૯/૨૦૨૨ના રોજ નીચે દર્શાવેલ ક્રમમાં સરકારી વિધેયકોની ચર્ચા હાથ ધરીને જરૂર પડ્યે ગૃહનો સમય લંબાવીને પણ તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૨૨નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૨૨નું ગુજરાત નેશનલ લો યુનિર્વસિટી (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૨૨નું ગુજરાત વિનિયોગ અધિનિયમો (રદ કરવા બાબત) વિધેયક.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તારીખઃ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૨૨**

**ડૉ. નીમાબેન આચાર્ય**
**પ્રમુખ,**
**કામકાજ સલાહકાર સમિતિ**